# સેક્ટર-૨૬ની ફેક્ટરીમાં પ્રચંડ આગ

**સેક્ટર-૨૬માં યો-બાઈકની ઉત્પાદન કરતી ફેક્ટરીમાં શોર્ટ સરકીટથી પ્રચંડ આગ : ગાંધીનગર ઉપરાંત કલોલ, જીઈબી અને ગીફ્ટ સિટીના ફાયર ફાયટરોએ દોઢ કલાકની મહેનતના અંત આગ પર કાબુ મેળવ્યો : લાખોના નુકસાનનો અંદાજ**







ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ જી.આઈ.ડી.સી. ખાતે આવેલ ઈ-૮૨ અને ૮૩ માં ઈલેક્ટ્રીક બાઈક બનાવતી કંપનીમાં આજે બપોરના સુમારે અચાનક ભીષણ આગ ભભુકી ઉઠી હતી. આગને પગલે કંપનીના કર્મચારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. ઈ-બાઈકની કંપનીમાં કામ કરતા કર્મચારીઓની સમય સુચકતાથી તેમનો આબાદ બચાવ થયો હતો. ગણતરીની મિનીટોમાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા કંપનીમાં રહેલા અંદાજીત ૫૦૦ થી વધુ ઈ-બાઈક આગમાં સ્વાહા થઈ ગયા હતા. બનાવની જાણ ફાયર બ્રિગેડને થતા તાત્કાલીક જીઆઈડીસી ખાતે પહોંચી ગયા હતા અને ફાયરના ૧૦ વાહનોએ બે લાખ લીટર પાણીનો મારો ચલાવી ત્રણ કલાકે મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. જયારે આગને પગલે જીઆઈડીસી વિસ્તારમાં નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. તો બીજીતરફ આગ એટલી વિકરાળ હતી કે આગના ધુમાડાના ગોટેગોટા સાત કિલોમીટર સુધી દેખાયા હતા. જયારે ભીષણ આગમાં મોટાભાગના ઈ-બાઈક સળગી ઉઠતા કંપનીને કરોડો રૂપીયાનું નુકશાન થવા પામ્યું છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ જીઆઈડીસી પ્લોટ નં. ઈ-૮૨-૮૩માં તુનવાલ ઈ.વ્હીકલ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે

## ઉમેદવારીપત્ર ૬ પાનાનું રહેશે

લોકસભાની ચૂંટણી માટેના ઉમેદવારીપત્રનો રંગ પોપટી કલરનો રાખવામાં આવ્યો છે. ૬ ભાગમાં વહેંચાયેલુ ઉમેદવારીપત્ર આમ તો ૬ પાનાનું છે. ઉમેદવારી પત્ર અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે.

ઉમેદવારીપત્ર સાથે રજુ કરવાની થતી એફીડેવીટના નમુનાના પાના પણ ૨૫ જેટલા છે. તેનો રંગ લીગલ પેજ અર્થાત્ આછો ગ્રીન રાખવામાં આવ્યો છે.

ઉમેદવારીપત્રનું વિતરણ આજે જાહેરનામુ પ્રસિદ્ધ થયા પછી શરૂ કરવામાં આવશે.

ઉમેદવારીપત્ર માટેની સૂચનાઓ પણ તંત્ર દ્વારા અલગથી તૈયાર કરવામાં આવી છે. ઉમેદવારે એફીડેવીટમાં તેની તેમજ તેના પર નિર્ભર એવી તમામ પરિવારની વ્યક્તીઓની વિગતો આપવાની રહેશે.

**જિલ્લામાં ૪૦૦ જેટલા સ્થાનો પર અંગ્રેજી ગુજરાતી ભાષામાં જાહેરનામુ પ્રસિદ્ધ થશે : આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સહિત રાજ્યની ૨૬ લોકસભા બેઠક માટેનું જાહેરનામુ આજે પ્રસિદ્ધ થશે અને તે સાથે જ રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં આ જાહેરનામુ પ્રગટ કરવામાં આવશે. જિલ્લામાં ૪૦૦થી વધુ સ્થાનો પર આ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે.

આ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ લોકસભાની સામાન્ય ચૂંટણી માટેના ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ઉમેદવારી પત્રો ૪ એપ્રિલ સુધી ભરી શકાશે. સવારે ૧૧ થી ૩ દરમ્યાન જ ઉમેદવારી પત્રો રજા અને જાહેર રજાના દિવસ સિવાય જ ભરી શકાશે. આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ જિલ્લામાં ચેકપોસ્ટ ઉપરાંત ફલાઈંગ સ્કવોડ, સ્ટેટીક સર્વેલન્સ ટીમો સહિતની વિવિધ ટીમો કાર્યરત થઈ જશે.

જિલ્લામાં આ વખતે પણ માઈક્રો ઓબ્ઝર્વરની નિયુક્તી હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે પણ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

આજે તંત્ર દ્વારા લોકસભાની ચૂંટણીમાં મતદાન માટે ઉપયોગમાં લેવાનાર ઈ.વી.એમ. અને વી.વી.પેટ મશીનો સંસદીય મતવિસ્તારના આવતા સાત વિધાનસભા મતવિસ્તારમાં રવાના કરી દેવાયા છે.દરમ્યાન ગાંધીનગર બેઠક માટે ભાજપે તેના ઉમેદવાર જાહેર કરી દીધા છે.

● અનુસંધાન પાન-૭ પર

## પંચે ખર્ચ નીરીક્ષક તરીકે બે અધિકારી નિયુક્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે ખર્ચ નીરીક્ષક તરીકે ચૂંટણી પંચે બે નિરીક્ષકોની નિયુક્તી કરી છે તેમજ અગાઉ નીમાયેલા નીરીક્ષકની અન્ય જગ્યાએ નિમણુંક કરાઈ છે.

મળતી વિગતો પ્રમાણે જે બે નિરીક્ષકો નિયુક્ત કરાયા છે તેમાં રાજકુમાર અને પ્રશાંત શુકલા એમ બે અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે. આ બન્ને નીરીક્ષકો ૨૮મીએ સવારે ગાંધીનગર આવી પહોંચશે. દરમ્યાન જિલ્લાએ પણ પાંચ જેટલા આસિ. ઓબ્ઝર્વરની નિયુક્તીના હુકમો કર્યા છે. જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તાર આવતા હોવાથી પાંચ આસિ. ઓબ્ઝર્વરની નિયુક્તી કરવામાં આવી છે જે નોંધનીય છે. ચૂંટણી પંચની આચાર સંહિતાના અમલ માટે વિવિધ કક્ષાએથી ઉચ્ચ અધિકારીઓને જવાબદારી સોંપાય છે. પ્રચાર-પ્રસાર, રેલી-સરઘસ કે ખર્ચના હિસાબ-કિતાબ મામલે પંચ સીધી નજર રાખી શકે તેવા હેતુથી નિરીક્ષકો નિમાય છે.

# પાલજની મહિલાઓએ પાણીની પોકાર પાડી માટલા ફોડ્યા

**અનેક રજુઆતોના અંતે ગામના મીર ચકલા વાસ તેમજ દરજી વાસમાં પાણી આવતુ નથી**




ગાંધીનગર તા ૨૭

પાલજના મીર ચકલા તેમજ દરજીવાસમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી પાણી ન આવતા આજે ગામની મહીલાઓએ પાટનગર યોજના ભવનની કચેરીનો ઘેરાવો કરી માટલા ફોડીને વિરોધ કર્યો હતો. જયારે ગામના આ વિસ્તારમાં ત્વરિત પાણી આવે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા માટે પણ ઉગ્ર રજુઆત કરી છે. ઉનાળાની આકરી ગરમીના દિવસો શરૂ થતા જ શહેર તેમજ શહેરી વિસ્તારના

● અનુસંધાન પાન-૭ પર

## મેરે પ્યારે દેશવાસીઓ... સવા કલાક દેશભરમાં ઉત્તેજના..!!

**હવે સાહેબ શું મોટી જાહેરાત કરશે? વડાપ્રધાને ટ્વિટ કરીને જાહેરાત શરૂ કરી ત્યાં સુધી સવા કલાક દેશભરમાં એક જ ચર્ચા ચાલી : સચિવાલય થી માંડીને ચાની કીટલીઓ પર ઠેર-ઠેર કલ્પનાઓના ઘોડા દોડ્યા**

ગાંધીનગર, તા.૨૭

'મેરે પ્યારે દેશવાસીઓ, આજ સવારે ૧૧:૪૫ સે ૧૨:૦૦ બજે, મૈ એક મહત્વપૂર્ણ સંદેશ લેકર આપકે બીચ આઉંગા...' ચોકીદાર નરેન્દ્ર મોદી ટ્વીટર એકાઉન્ટ પર આ મેસેજ આજે સવારે ૧૧:૨૩ વાગે પોસ્ટ થયો ને દેશભરમાં નાનાથી લઈને મોટા તમામ વ્યક્તિઓમાં એક અલગ જ ઉત્તેજના જોવા મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કર્યું ત્યારબાદ આ મહત્વપૂર્ણ જાહેરાત બ્રોડકાસ્ટ કરી તે વચ્ચેનો સવા કલાકનો સમયગાળો ભારે ઉત્તેજનાભર્યો હતો. ગુજરાત રાજ્યના પાટનગર સ્થિત સચિવાલય થી માંડીને ચાની કીટલીઓ તથા પાન મસાલાનાં ગલ્લાઓ ઉપર ઠેરઠેર હવે મોદી સાહેબ શું નવી જાહેરાત કરશે તેની ચર્ચાઓ સાથે કલ્પનાઓના ઘોડા દોડ્યા હતા. તો બીજી તરફ દેશના વિવિધ મીડિયા હાઉસ દ્વારા વડાપ્રધાનની જાહેરાત પહેલા ઊભો કરેલો માહોલ પણ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કર્યા બાદ રાષ્ટ્રજોગ સંદેશ શરૂ કર્યો ત્યાં સુધીના સવા કલાકના સમયગાળા દરમિયાન ઠેરઠેર જે ચર્ચાઓ થતી સાંભળવા મળી હતી તે મુજબ અંધારી આલમનો અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ ને ભારત લાવવા માટેની મહત્વની જાહેરાત કરી શકે છે. કે પછી ગુજરાત સરહદેથી જે ડ્રગ માફિયાઓ પકડાયા તેને લઈ પાકિસ્તાન પર નેવલ સ્ટ્રાઈક કરવાની જાહેરાત અથવા તો કાશ્મીરમાં કાર્યરત હુર્રિયત કોન્ફરન્સ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાની જાહેરાત સહિતની દેશની સુરક્ષાને લગતી વિવિધ મોટી


● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના ત્રણ ઉમેદવારો જાહેર

**ભાજપે ત્રણેય વર્તમાન સાંસદોની ટિકિટ કાપી : રાજ્યકક્ષાના મંત્રી હરિભાઈ ચૌધરી, પ્રભાતસિંહ ચૌહાણ અને વિઠ્ઠલભાઈ રાદડિયાના સ્થાને ત્રણેય નવા ચહેરાને ટિકિટ અપાઈ : પંચમહાલમાંથી રતનસિંહ, પોરબંદરથી રમેશ ધડુક અને બનાસકાંઠાથી પાણી-પુરવઠા મંત્રી પરબત પટેલને ટિકિટ**

ગાંધીનગર, તા.૨૭

ભાજપે ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો માટે ૧૬ ઉમેદવારો જાહેર કર્યા બાદ આજે વધુ ત્રણ ઉમેદવારના નામ જાહેર કર્યા છે. જેમાં પંચમહાલથી રતનસિંહ, પોરબંદરથી રમેશ ધડુક અને બનાસકાંઠાથી રાજ્ય કક્ષાના પાણી-પુરવઠા મંત્રી પરબત પટેલના નામ જાહેર કર્યા છે. આમ આ ત્રણેય બેઠકો પર સિટીંગ સાંસદોને રિપિટ કરાયા નથી. આજના ત્રણ નામો જાહેર કરાય બાદ ભાજપના વર્તુળમાં કયાંક અસંતોષ અને કયાંક નારાજગીની લાગણી પણ જોવા મળી હતી. લોકસભા ચૂંટણીને લઈ ગુજરાતની ૨૬ બેઠકો પૈકી ભાજપે કુલ ૧૯ ઉમેદવાર જાહેર કર્યા છે, જેમાં ભાજપના મોટા નેતાઓ જેવા કે, લાલકૃષ્ણ અડવાણી, વિઠ્ઠલ રાદડીયા, પ્રભાતસિંહ ચૌહાણ, હરિભાઈ ચૌધરી (કેન્દ્રીય મંત્રી) અને દેવજી ફતેપરાની ટિકિટ કાપવામાં આવી છે, જેને લઈ ભાજપની છાવણીમાં પણ જોરદાર આંતરિક ચર્ચા જાગી છે. તો, કયાંક છૂપી નારાજગી પણ પ્રવર્તી રહી છે.



ગુજરાતમાં ઉત્તર ગુજરાતની ૧૦ સીટોને લઈને કોંગ્રેસ અને ભાજપ બન્ને પાર્ટીઓમાં ઉમેદવારોની પસંદગીને લઈને ચિંતામાં છે. ત્યારે ભાજપે આજે ભારે ચર્ચા વિચારણા કર્યા બાદ પંચમહાલથી રતનસિંહ, પોરબંદરથી રમેશ ધડુક અને બનાસકાંઠાથી રાજ્ય કક્ષાના પાણી-પુરવઠા મંત્રી પરબત પટેલના નામ જાહેર કર્યા હતા. હવે જોવાનું એ રહેશે કે, ભાજપના આ ઉમેદવારો સામે કોંગ્રેસ આ સીટો ઉપર ક્યા ઉમેદવારોને ટિકીટ આપે છે. પોરબંદર બેઠક પરથી રમેશ ધડૂકનું નામ જાહેર થતાં રાદડિયા પરિવારને ટિકિટ મળી નથી. તો, બનાસકાંઠાથી કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરીની ટિકિટ કપાઈ છે, જ્યારે પંચમહાલથી પ્રભાતસિંહ ચૌહાણનું પણ પત્તુ કપાયું છે. જેને લઈ આ નેતાઓ અને તેમના સમર્થકો-ટેકેદારોમાં ભારે નારાજગી અને અસંતોષની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે. જો કે, ભાજપે આ વખતે વિજયી બની શકે તેવા ઉમેદવારોને જ ટિકિટની ફાળવણી કરવાનું મુનાસીબ માન્યું છે અને તેથી આ વખતે કોઈ બીજા પાસા ધ્યાનમાં લીધા નથી. જો કે, પક્ષના આ વલણને લઈ આંતરિક નારાજગી પણ સામે આવી રહી છે.

# રાજ્યમાં તીવ્ર હિટવેવ

**મોટાભાગના વિસ્તારોમાં નાગરિકો ત્રાહિમામ**
**સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૧.૩ ડિગ્રી**

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આજે તીવ્ર હિટવેવની સ્થિતિ જોવા મળી હતી. ઘણી જગ્યાએ પારો ૪૫ સુધી પહોંચી ગયો હતો.

આજે રાજયમાં સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૧.૩, ભુજમાં ૪૦.૪, વડોદરામાં ૪૦.૩, કંડલા એરપોર્ટમાં ૪૦.૪ અને અમરેલીમાં ૪૦.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. કાતિલ ગરમીથી લોકો હવે પરેશાન થવા લાગ્યા છે. હિટવેવની ચેતવણી આગામી બે દિવસ માટે અકબંધ રાખવામાં આવી છે. આજે પણ તેની અસર દક્ષિણ ગુજરાત ખાસ કરીને વલસાડમાં જોવા મળી હતી. ભાવનગરમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થયો હતો. વધતી જતી ગરમીને લઈને લોકો હવે સાવચેત થઈ ગયા છે. બપોરના ગાળામાં પંખા અને એસીનો ઉપયોગ ભરપુર થવા લાગી ગયો છે.

આજે જુદા જુદા વિસ્તારોમાં પારામાં આંશિક ફેરફાર થયો હતો. અમદાવાદમાં આવતીકાલે મહત્તમ તાપમાન ૩૮ રહી શકે છે. વધતી જતી ગરમી વચ્ચે બહારની ચીજવસ્તુઓ ટાળવા માટેની સલાહ આપવામાં આવી રહી છે. હવામાન વિભાગ દ્વારા ૪૮ કલાકમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com